R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 15 DATE: 14-04-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## સુપ્રીમ કોર્ટના જીવન અને અસ્તિત્વ સામે જોખમ છે હજુ પણ ન્યાયતંત્રમાં બધુ ઠીકઠાક ચાલતુ હોવાનું માનવું ભુલભરેલું છે.જજોની નિમણુંક કરો નહીં તો ઈતિહાસ માફ નહીં કરે :સુપ્રીમ કોર્ટ સીનીયર જજીસ



સુપ્રીમ કોર્ટના સૌથી સિનિયર જજ જસ્ટીસ જે. ચેલમેશ્વરે અગાઉની માફક ફરી એક વખત દેશની સર્વોચ્ચ અદાલતમાં બધું ઠીકઠાક ચાલતું ન હોવાનો ઈશારો કર્યો છે.અને રોસ્ટર અંગેની એક અરજી પર સુનાવણીનો એમ કહીને ઈન્કાર કરી દીધો છે કે જો તેઓ આ અંગે ચુકાદો આપશે તો તેને ૨૪ કલાકમાં ફેરવી નંખાશે.પુર્વ કાયદામંત્રી અને જાણીતા એડવોકેટ શાંતિ ભુષણે રોસ્ટર અંગેની કરેલી અરજી પર જસ્ટીસ ચેલમેશ્રરે સુનાવણી હાથ ધરવાની હતી તેનો ઈન્કાર કરી દીધો હતો.શાંતિભુષણની અરજીના કેસની ફાળળણી અને તેની માર્ગદર્શિકા અંગે સુનાવણી કરવાની અપીલ કરવામાં આવી છે.

જસ્ટીસ ચેલમેશ્વરે તેમની ટિપ્પણીમાં કહ્યુ હતું કે તેમણે થોડા દિવસો પહેલાં સુપ્રીમ કોર્ટમાં અને દેશમાં ચાલી રહેલા ઘટનાક્રમ અંગે પત્ર લખ્યો હતો. કોઈ મારી વિરુધ્ધ સતત કાવતરાં કરી રહ્યુ છે.તેઓ એમ માને છે કે મારે કોઇ પદ જોઈએ છીએ.હું આ વિશે કશું કરી શકું તેમ નથી.મને માફ કરી દો. તમે મારી મુશ્કેલી સમજી શકો છો.ભારત દેશના લોકો બધું સમજે છે. અને પોતાની રીતે રસ્તો કરી લેશે. જસ્ટીસ ચેલમેશ્વરે કહયું કે હું મારો ચુકાદો આગામી ૨૪ કલાકમાં બદલાઈ જાય તેમ ઈચ્છતો નથી. તેના કારણે જ હું તમારી અરજી પર સુનાવણી કરી શકતો નથી.તમે મારી મુશ્કેલી સમજો, પ્લીજ જસ્ટીસ ચેલમેશ્રરે ૧૦મી નવેમ્બરે તેમનો આદેશ રીવર્સ કરાયો તે અંગેનો સંદર્ભ આપી રહ્યા હતા. મેડીકલ કૌભાંડ અંગેના તેમની બેન્ચના ચુકાદાને ચીફ જસ્ટીસે બદલી કાઢ્યો હતો.

એ ઘટના ક્રમમાં એડવોકેટ પ્રશાંત ભુષણે પણ પોતાના પિતા શાંતિ ભુષણની જાહેર હિતની અરજી આ રીતે સુનાવણીથી બાકાત રહેતાં તેને ચીફ જસ્ટીસ દિપક મિશ્રાને મોકલી આપી હતી.ચીફ જસ્ટીસે કહ્યુ હતું કે આ મેટર તાકીદે સુનાવણી પર હાથ ધરવી જોઈએ.ભુષણે આ અરજી પહેલાં જસ્ટીસ ચેલમેશ્વર સમક્ષ મુકી હતી.અને કહ્યુ હુતં કે આ ઈમરજન્સી છે અને તેની તાકીદે સુનાવણી કરવી જોઈએ.જસ્ટીસ ચેલમેશ્વરે કહ્યુ હતું કે તેઓ આ અંગે કોઈ સુનાવણી હાથ ધરી શકે તેમ નથી કેમકે તેનું દેખીતું કારણ છે. જસ્ટીસ ચેલમેશ્વરની આ ટિપ્પણી અને સુનાવણીનો ઈન્કાર સુપ્રીમ કોર્ટના અન્ય જસ્ટીસ કુરિયન જોસેફ દ્વારા ચીફજસ્ટીસને લખાયેલા બે પત્રો હોવાનું મનાય છે.જસ્ટીસ કુરીયને ચીફ જસ્ટીસ મિશ્રાને પત્ર લખીને ન્યાયિક બાબતોમાં સરકારી હસ્તક્ષેપ અને કોલેજીયમના નિયમો પળાતાં ન હોવાનો નિર્દેશ કર્યો છે.અને કહ્યુ છે કે જો આ અંગે અત્યારે કોઈ પગલાં ભરવામાં નહીં આવે તૌ ઈતિહાસ આપણને માફ નહીં કરે. ઉલ્લેખનીય છે કે રોસ્ટરના મામલે ગત જાન્યુઆરીમાં જસ્ટીસ ચેલમેશ્વર, જસ્ટીસ જોસેફ કુરીયન,જસ્ટીસ મદન લોકુર, અને જસ્ટીસ રંજન ગોગોઈએ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા સામે બળવો કર્યો હતો. અને પ્રેસ કોન્ફરન્સ કરીને ન્યાયની માંગણી કરી હતી.

સુપ્રીમ કોર્ટના જજની નિમણુંક કરવામાં સરકાર દ્વારા અસાધારણ વિલંબ થતો હોવાનું કહીને જજ જોસેફ કુરીયને ચીફ જસ્ટીસ દિપક મિશ્રાને પત્ર લખ્યો છે અને કહયુ છે કે સુપ્રીમ કોર્ટના જીવન અને અસ્તિત્વ સામે જોખમ છે. તેમણે કહ્યુ હતું કે તાત્કાલિક નિમણુંક નહીં થાય તો ઈતિહાસ આપણને માફ નહીં કરે. અગાઉ ચાર ન્યાયાધીશોએ ચીફ જસ્ટીસ સામે વિરોધ દર્શાવતો પત્ર લખ્યો હતો.ચે ચારમાં પણ જોસેફ હતા. જસ્ટીસ કુરીયન જોસેફે ચીફ જસ્ટીસને પત્ર લખ્યો છે અને એ જ પત્રની કોપી અન્ય બાવીસ જજોને મોકલી આપી છે.

કોલેજીયમ સિસ્ટમ મુજબ જે જજોની નામાવલી સરકારને મોકલી આપવામાં આવી છે તેને સ્વીકારવામાં આવી નથી.જે જજો ભાજપ તરફી કે સરકાર પરત્વે કુણી લાગણી ધરાવતા હોય તેમની જ નિમણુંક કરવી અને તેમના નામની જ ભલામણ સ્વીકારવી તેવું સરકાર દ્વારા ઈચ્છવામાં આવી રહ્યુ છે અને તેથી કોલેજીયમ સિસ્ટમનો અમલ કરવામાં પાછી પાની થઈ રહી છે.ભાજપના કેટલાક નેતાઓ જેઓ વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે તેમને અનુકુળ આવે તેવા જજોની તરફેણ કરવામાં આવે અને નિમણુંક થાય તેવી ઈચ્છાને આધિન સરકાર થઈ રહી છે તેવું સુત્રો માની રહ્યા છે.વિલંબનું આવું કારણ હોઈ શકે છે તેવુ મનાય છે.

## કેન્દ્રીય નાણાં મંત્રી અરુણ જેટલીનુ આરોગ્ય કથળ્યું : કીડની ટ્રાન્સપ્લાન્ટ થશે



છેલ્લા કેટલાક સમયથી નાણાંમંત્રી અરુણ જેટલીનું આરોગ્ય કથળ્યુ હતું.સતત પરિશ્રમ,થાક, વ્યસ્ત કાર્યક્રમોએ તેમના આરોગ્યને હાનિ પહોચાડી હતી. હવે તેમની કીડની અંગેની સમસ્યા હોવાને કારણે સમાચારો જાહેર થયા તે મુજબ તેમની કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.આરોગ્ય અંગે તેમને બુતકાળમાં પણ કેટલાક પ્રશ્નો ઉભા થયા હતા જે તેમના આરોગ્ય માટે ખતરા સમાન હતા પરંતુ તેમના મનોબળે તેઓ સતત કાર્યરત રહ્યા.હવે તેમને કેટલોક સમય આરામમાં ગાળવો પડશે. તેમની નાદુરસ્ત તબીયતના કારણે તેઓ રાજ્યસભાના સાંસદ તરીકેના શપથ પણ લઈ શક્યા નથી.

## વેચનાર અને ખરીદનારે હવે સબરજીસ્ટારની ઓફિસમાં હાજર નહીં રહેવું પડે, ઓનલાઇન સિસ્ટમથી રજીસ્ટ્રેશન થશે

રાજ્યમાં કબજા સાથેના પાવર ઓફ એટર્નીની નોંધણી ફરજીયાત છે.પણ કબજા વગરના પાવર ઓફ એટર્નીની નોધણી ફરજીયાત નથી. જેના કારણે આવા પાવર ઓફ એટર્ની દ્વારા ઘણી વખત મોટી છેતરપીંડી થાય છે.ઘણી વાર આવા પાવર ઓફ એટર્ની જ્યારે વેચાણખતની નોંધણી માટે ઉપયોગમાં લેવાય ત્યારે પાવર ઓફ એટર્ની કરી આપનાર વ્યક્તિ ફરી જતી હોય છે.તેથી કબજા સિવાયના પાવર ઓફ એટર્નીની નોંધણી હવે ફરજીયાત બનાવાઈ છે.

આ સંદર્ભનું રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૧૮ વિધાનસભામાં રાજ્ય સરકારે બહુમતીથી પસાર કર્યુ હતું. જુના એક્ટની કલમ ૧૭(૨)(૧૨)માં જાહેર હરાજીથી કોઈ મિલ્કત ખરીદનારને નોંધણીમાંથી મુક્તિ અપાઈ છે. નવા સુધારા વિધેયકમાંથી આ કલમ કમી કરાઈ છે.કેન્દ્રીય અધિનિયમમાં અત્યારે મિલ્કતના માલિકી હકની તપાસ માટે કોઈ જોગવાઈ નથી.નવા સુધારા રોકવા માટે જરુરી તપાસની જોગવાઈ દાખલ કરાઈ છે.રસપ્રદ એ છે કે કેન્દ્રીય અધિનિયમની કલમ ૩૨,૩૪ અને ૩૫ની જોગાવાઈઓ પ્રમાણે વેચનાર અને ખરીદનારાઓએ અત્યાર સુધી દસ્તાવેજની નોંધણીની પ્રક્રિયા માટે સબરજીસ્ટાર સમક્ષ ઉપસ્થિત થવું પડતું હતું.હવે સમગ્ર પ્રકીયાનું ઈલેક્ટ્રોનિક સિસ્ટમ દ્વારા રજીસ્ટ્રેશન થવાનું છે. એટલે નિયમનની સત્તા ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીર્ટ્રેશનને અપાઈ છે.રાજ્ય મહેસુલ મંત્રી કૌશિક પટેલે આ વિધેયક પસાર કરતી વેળાએ જણાવ્યુ હતું કે નવા ફેરફાર પ્રમાણે હવે ઓનલાઈન સિસ્ટમથી ઘેર બેઠા દસ્તાવેજો સબમિટ કરી શકાશે.પણ ઈલેક્ટ્રોનિક સિસ્ટમમાં ખરાઈ થશે જ. જે અંગેનો પાઈલટ પ્રોજેકટ ગાધીનગરમાં અત્યારે ચાલી રહ્યો છે.સબરજીસ્ટારની કચેરીઓ સગવડો વિનાની અને નાની જગ્યામાં ચાલતી હોવાની ફરિયાદોના સંદર્ભે મહેસુલ મંત્રીએ એવું પણ કહ્યુ હતું કે રુ.૭ કરોડના ખર્ચે રાજ્યની ૨૨ પૈકી ૧૯ સબરજીસ્ટારની કચેરીઓ અધ્યતન બનાવવામાં આવશે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

એવું કહેવાય છે કે ડુબતા વહાણમાંથી સૌ પ્રથમ ઉંદરડા જીવ બચાવવા માટે કુદી પડીને નાસી જાય છે.રાજકીય પક્ષોની પણ આવી જ કંઈક સ્થિતિ હોય છે. જ્યારે રાજકીય પક્ષોનું નાવડું હાલમ ડોલક થવા માંડે કે સત્તામાંથી ફેકાઈ જવાનો ડર ઉભો થાય ત્યારે કેટલાક સાથીઓ પક્ષને છોડીને જેને સત્તા મળવાની ઉજળી તકો દેખાતી હોય તેવા પક્ષમાં ડુબકી મારી પવિત્ર બની જાય.આયારામ ગયારામનો સીલસીલો આ રીતે ચાલુ જ રહે છે.પક્ષાંતર ધારો આવું ના થાય માટેજ ઘડાયો હતો.તેની પાછળનો ધ્યેય કોઈ સારુ ચારિત્ર ઉજાગર કરવાનો નહોતો પરંતુ આવા ધારાને કારણે સત્તા પલટો અટકાવી શકાય.ખેર, હાલમાં એનડીએના સાથીદારોને ૨૦૧૯માં તેમનો પક્ષ ચુંટાઈ આવે અને બહુમતી ફરીથી મળે તેવી આશંકાએ પક્ષ છોડી જવાનો દોર શરુ કરી દીધો છે. સહુ પ્રથમ શિવસેનાએ દુરંદેશી વાપરીને પોતાને એનડીએથી અળગો કરવાની પહેલ કરી નાંખી અને ત્યારબાદ તેનું જોઈને ચંદ્રાબાબુ નાયડુંએ તલવાર તાણી દીધી.અને પછી દેશભરમાંથી વિરોધના સુર ઉઠવા માંડયા.અધુરામાં પુરુ એસસી એસટીનું ભુત ધુણ્યું અને એનડીએની ગાડી ખોટકાવાની શરુઆત થઈ ગઈ.યુપીમાં અને કાશ્મીરમાં થયેલી ઘટનાઓએ એનડીએ અને ખાસ કરીને ભાજપના ચીરહરણ ચાલુ કર્યું છે. કાશ્મીરની રેપ ઘટનાએ વિશ્વભરમાં તેનો પડઘો પાડ્યો છે અને ભાજપની કોમવાદી નીતિને ભારે નુકશાન પહોચાડ્યું છે. આબરુ જતી રહે પછી પાછી નથી આવતી. બુંદસે ગઈ હોજસે નહીં સુધરેગી જેવી ઉક્તિ હવે દેખાવા માંડી છે.નોટબંધી, જીએસટી અને બેન્કોના કૌભાંડો અને હજુ કેટલાક હિમશીલા જેવા દેખાતા કૌભાડો ખુલ્યા નથી એ જ્યારે ખુલશે ત્યારે કોફીનનો છેલ્લો ખીલો ઠોકાઈ જશે તેવું ભાસી રહ્યું છે.

માત્ર ત્રણ વ્યક્તિઓના સહારે ચાલતી સરકારમાંથી હાલમાં એક વ્યક્તિ નાજુક તબીયતને કારણે અળગા છે. હવે બે વ્યક્તિઓએ બધો બોજો વેઢારવાનો છે.સંઘે પણ ભાજપની કેટલીક બાબતોનો વિરોધ કર્યો છે.વીએચપીમાં ભાજપ સામે વિરોધ વધતો જાય છે.આ બધુ આખરે ૨૦૧૯માં થનારી ચુંટણીઓમાં એનડીએને ચીથરે હાલ કરશે ? એ સમય બતાવશે .

## બેન્કીંગ કૌભાંડના આરોપીઓએ નાણામંત્રી જેટલીની પુત્રીને વકીલ તરીકે રાખ્યા નો આરોપ મુક્તાં રાહુલ ગાંધી

બેન્કીંગ કૌભાંડના મામલે મોદી સરકાર પર પ્રહારો ચાલુ રાખતાં રાહુલ ગાંધીએ એવો આરોપ મુક્યો હતો કે આ તમામ કેસોમાં નાણાં મંત્રી અરુણ જેટલી એટલા માટે ચુપ છે કે કેમકે તેમની દીકરી કૌભાંડીઓનો કેસ લડી રહી છે. કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ નાણાંમંત્રી અરુણ જેટલી પર નિશાન તાકતાં કહ્યુ હતું કે બેન્કીંગ કોભાંડ પર જે રીતે તેઓ ચુપ છે તેનાથી સ્પષ્ટ છે કે તેઓ પોતાની વકીલ દીકરીને બચાવવા માંગતા હતા .સત્તાવાર ટ્વીટર હેન્ડલ પર એક અહેવાલને ટાંકીને કરેલી ટ્વીટમાં રાહુલે આક્ષેપ મુક્યો હતો કે જેટલીની દીકરીને આરોપીએ એક મહિના અગાઉ જંગી રકમ ચુકવી હતી. આ રકમ પંજાબ નેશનલ કૌભાંડના આરોપીને કોર્ટમાં બચાવવા માટે અપાઈ હતી.આ કૌભાંડ જાહેર થયું તેના એક મહિના અગાઉજ આ રકમ અપાઈ હતી. પંજાબ નેશનલ બેન્ક કૌભાંડમાં નિરવ મોદી અને તેના મામાની સંડોવણી છે અને રુપીયા ૧૧,૪૦૦ કરોડનું ફુલેકું ફેરવીને બંને વિદેશ જતા રહ્યા છે.

સીબીઆઈએ બેન્કીંગ કૌભાંડ કેસમાં અન્ય લો કંપની પર દરોડો પાડ્યો ત્યારે આ કંપની કેમ બાકાત રાખવામાં આવી હતી. તેવો પણ સવાલ રાહુલે કર્યો હતો.તેમણે આ ટ્વિટ સાથે હેશ ટેગ મુક્યો હતો. ઉલ્લેખ છે કે પીએનબી કૌભાંડમાં સરકાર હાથ અધ્ધર કરી રહી છે.અને તેનું ઠીકરું અગાઉ કોગ્રેસની આગેવાનીમાં બનેલી યુપીએ સરકારના માથે ફોડી રહી છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## એસસી/એસટી એક્ટ અંતગર્ત સુપ્રીમના ચુકાદાના વિરોધમાં દેશભરમાં દલિતો રસ્તા ઉપર ઉતર્યા અને અરાજક્તા વ્યાપી

અનુસુચિત જનજાતિ-જાતિ ધારા અંગે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા સામે સામે સમગ્ર દેશમાં દલિત સંગઠનો દ્વારા આપવામાં આવેલ ભારત બંધનું એલાન હિંસક અને અરાજક બન્યું હતું.આ ઘટનાક્રમમાં નવ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.રસ્તા રોકો,ચક્કાજામ,સરકારી માલમિલક્તોને સળગાવી દેવી, પોલીસ પાર્ટી પર હુમલા કરવા,ટ્રેનો રોકવી સહિતની સંખ્યાબંધ ઘટનાઓ બંધ દરમિયાન બની હતી.તોફાનીઓને અંકુશમાં લેવા માટે પોલીસ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં મોટાભાગના લોકો માર્યા ગયા હતા.બંધની સૌથી મોટી અસરો મધ્યપ્રદેશમાં થઈ હતી.અને રાજ્યમાં પોલીસ ગોળીબારમાં છ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.ઉત્તરપ્રદેશ અને રાજ્યસ્થાનમાં એક એક મોત નિપજ્યા હતાર.

ગુજરાતમાં આ બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. જો કે રાજ્યમાં મોટા શહેરોમાં બંધ ને સફળ બનાવવા માટે દલિત ટોળાઓએ આક્રમક વલણ દાખવ્યું હતું.મોટાભાગના હાઈવે અને રસ્તાઓ રોકવા માટેના પ્રયત્નો થયા હતા. શહેરી બસોમાં તોડફોડ કરાઈ હતી.ગુજરાતના કેટલાક મોટા શહેરોમાં દલિત સમાજના ટોળા અને પોલીસ વચ્ચે ઘર્ષણ થવા પામ્યુ હતું.

## જીએસટી સિસ્ટમ ભાંગી પડશે,વેપારીઓ રસ્તા પર ઉતરી આવશે : સ્વામી

ગુડ્સ એન્ડ સર્વીસીસ ટેકસના હાલના જટિલ માળખાનો તમામ વિરોધપક્ષો ભારે વિરોધ કરી રહ્યા છે.પણ ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી પણ હવે તેનો જાહેરમાં વિરોધ કરી રહ્યા છે.જો કે સ્વામીએ અગાઉ પણ જીએસટીના કરમાળખાને નિષ્ફળ દર્શાવ્યું હતું.સ્વામીએ દાવો કર્યો હતો કે હાલની જીએસટી ટેક્સ સિસ્ટમ ભાંગી પડવાને આરે છે.વેપારીઓને રિફંડ મેળવવામાં અને ટેક્સ રિટર્ન ભરવામાં ભારે મુશ્કેલી પડે છે. આથી ગમે ત્યારે રોષે ભરાયેલા વેપારીઓ રસ્તા પર ઉતરી આવે તેવી શક્યતાઓ છે.વિશ્વ બેન્કના રિપોર્ટમાં પણ જીએસટી વિશ્વની જટીલ કર વ્યવસ્થા જાહેર કરવામાં આવી છે. હાલ તો વેપારીઓએ જમા કરાવેલી ટેકસની રકમથી આઈસીઆઈસી બેન્ક અને એચડીએફસી બેન્કોની શાખાઓની તીજોરીઓ ભરાઈ ગઈ છે.

એસોચેમના એક કાર્યક્રમમાં સ્વામીએ કહ્યુ હતું કે જીએસટી ટીએનના નામે ખાનગી વિદેશી બેન્કોને લાભ થઈ રહ્યો છે,કરાઈ રહ્યો છે.આઈસીઆઈસીઆઈ બેન્ક અને એચડીએફસી બેન્ક તેની પાસે જમા રહેલી કરોડોની રકમ ૩૦ દિવસ માટે ટુંકાગાળાના વ્યાજે ફેરવતી હશે તેવી આશંકા તેમણે દર્શાવી છે.આ બંને બેન્કોમાં વિદેશી બેન્કોનું સૌથી મોટું હોલ્ડીંગ છે.

ભારતમાં જીએસટીના હાલના માળખાને વિશ્વબેન્કે જટીલમાં જટીલ ગણાવી હતી. તેણે ટેકસના સ્લેબ સામે પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.કુલ ૧૧૫ દેશોમાં ભારતમા ટેક્સ દર સૌથી ઉચા હોવાનો તેમાં દાવો કરાયો છે. ભારતમાં જીએસટીના ટેકસના દર પાંચ સ્લેબમાં નક્કી કરવામાં આવ્યા છે. વિશ્વમાં ૪૯ દેશોમાં જીએસટીનો દર એકજ છે જ્યારે ૨૮ દેશોમાં બે સ્લેબ છે.

## સીબીએસઇ ની ૧૦ અને ૧૨ ધોરણની પરીક્ષાના પેપરો ફુટી જતાં દેશમાં હોબાળો મચ્યો

સીબીએસઈ બોર્ડના ધોરણ ૧૦ અને ૧૨ના અનુક્રમે મેથ્સ અને અર્થશાસ્ત્રના પેપરો ફુટી જવાને મામલે સમગ્ર દેશમાં હોબાળો મચી ગયો હતો.આ મામલે સરકાર પર પસ્તાળ પડી છે.પોલીસે તપાસ શરુ તો કરી છે પરંતુ સરકાર સામાન્ય પરીક્ષાના પેપરો ફુટી જાય તો અન્યત્ર શું ના થઈ શકે તે બાબતે લોકોનો સરકારમાં વિશ્વાસ ડગી ગયો છે. કર્ણાટકની ચુટણીઓમાં ચુંટણી પંચ ચુંટણીઓની જાહેરાત કરે તે પહેલા ભાજપે પેપર ફોડી નાંખ્યુ અને ચુંટણીઓની જાહેરાત કરી નાંખી.અનેડીએના શાસન દરમિયાન બનેલી કેટલીક ઘટનાઓ સરકારની નિષ્ફળતા સાબિત કરે છે. વહીવટી ક્ષમતામાં સરકારની નિષ્ફળતા એ સુચવે છે કે તેમની સરકાર ચલાવવાની સફળ સધ્ધરતા નથી. પેપર લીકની ઘટનામાં પેપર્સનો સોદો કરોડોમાં પહોચી ગયો છે.

ચુડીયા ચુગ ગઈ ખેત અબ પસ્તાવે ક્યા હોવત હૈ. યુક્તિ અનુસાર હવે પેપર ફોડનારાને પોલીસ શોધી રહી છે. વિદ્યાર્થીઓ જેઓ પરિક્ષામાં બેસનાર હતા કે બેઠેલા હતા તેમના ભવિષ્યનું શું ?

શિક્ષણ તંત્રમાં જે વેપારીકરણ થયું તેના પરિણામે દેશમાં શિક્ષણનું ધોર અધઃપતન થયું છે અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ક્રુર મજાક થઈ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકર માત્ર દલિતોના નેતા નહી પરંતુ સમગ્ર દેશના નેતા હતા

બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિએ માત્ર તેમને યાદ કરીને ઉજવણી કરાય તેના કરતાં લોકશાહી મુળભુત આધારસ્તંભ ગણાતા બંધારણના મહાન ઘડવૈયા તરીકે તેમનું નામ લેવાય તે જરુરી છે.તેઓ પ્રજાતંત્રના સેનાની હતા.તેઓ પ્રજાના હૃદયમાં હતા કે તેમની પાછળ મોટો સમુદાય હતો તેથી તેમનુ નામ વધુ સંભળાય છે. આજકાલ તેમની જન્મ જયંતિ ઉજવાઇ રહી છે તેની પાછળ માત્ર રાજકીય કુનેહનું કારણ છે. આ નામ દ્વારા તેમની જ્ઞાતિ સમુદાયના વધુ મતનો તેમની તરફેણમા કરી શકાય તેવી વિચાર સરણીમાં રાચનારા તેમને એનકેશ કરવામાં પડ્યા છે.

ખરેખર દેશના બંધારણ મુજબ અનુસુચિત જાતિ અને જનજાતિઓને અનામત મળી. આ બંધારણસભામાં ડો.આંબેડકર ઉપરાંત ઘણીબધી જ્ઞાતિઓના નેતા હતા. અને સૌની ઇચ્છાથી દલિતો્ને આદિવાસીઓના વ્યાપક હિતાં બંધારણે અનામતો સ્વીકારી હતી.છતાંય આજેય બિનઅનામત જ્ઞાતિ સમુદાયોની નારાજગીનો ભોગ માત્ર આંબેડકર જ ને બનવું પડે છે.આઝાદી પછી આ બે વર્ગોને વિકાસના મીઠા ફળ ચાખવા મળે તે માટે બંધારણમાં જોગવાઇ થાય તે હેતુસર ડો.આંબેડકર કોંગ્રેસમાં ના હોવા છતાં ગાંધી-સરદારના આગ્રહથી અને કેટલાકની નારાજગી અને નાપસંદગી વચ્ચે ડો.આંબેડકરને બંધારણસભામાં સ્થાન આપીને તેની અતિ મહત્વની મુસદા સમિતિનું અધ્યક્ષપદ સોંપવામાં આવ્યું.વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ માટે બંધારણ ઘડવામાં જેમની સૌથી મહત્વપૂર્ણ ભુમિકા હતી તે ડો.બાબાસાહેબ આંબેડકર કોગ્રેસમાં ન હતા એટલે બંધારણ મુજબ રચાયેલી પ્રથમ સંસદની ચુંટણીમાં તેમની હાર કોગ્રેસના સામાન્ય ઉમેદવાર સામે થઇ હતી.તેને દેશનું દુર્ભાગ્ય કહેવાયું હતું.પરંતુ ૧૯૪૭ના પહેલા મંત્રીમંડળનામ કોગ્રેસી ન હોવા છતાં તેમને કાનુનીમંત્રી તરીકે સ્થાન મળ્યું તે દેશનું સદભાગ્ય હતું.તેમણે હિંદુ કોડ બિલ પસાર ન થવાને કારણે કાનુન મંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું.

ડો.બાબાસાહેબ આંબેડકરને માત્ર દલિતોના નેતા કહેવા એ તેમના બહુમુખી વ્યક્તિત્વને ભારે અન્યાય કરવા સમાન છે.બાબાસાહેબને માત્ર સમાનતા સેનાની કહેવા તે લેશમાત્રયોગ્ય નથી. હા, તેમના જીવનનું ધ્યેય અને મુખ્ય જીવનકાર્ય એ જરુર હતું કેમકે તેમને માત્ર સમાનતા અને બંધુભાવ વિનાની સ્વતંત્રતાનો કોઇ અર્થ નહોતો એટલે જ ગાંધી પણ આઝાદીની સાથે આબાદી ઇચ્છતા હતા.દેશની બંધારણસભામાં ડો.આંબેડકરનું અંતિમ પ્રવચન તેમને માત્ર બંધારણ જ નહીં પણ પ્રજાતંત્રના ઘડવૈયા બનાવે છે.આપ્રવચનમાં તેમણે બંધારણ ઘડવામાં લાગેલા સમયથી લઇને તેને લગતી આલોચનાઓનો તર્કબધ્ધ રીતે



હકીકતો અને ઉદાહરણો સાથે છતાં અત્યંત નમ્રતાથી વિવેકપુર્ણ જવાબ આપ્યો છે અને બંધારણ ઘડતરનું શ્રેય પોતે લેવાને બદલે મોટાથી માંડીને નાનામાં નાના અધિકારીઓ અને સાથીઓનો ઉલ્લેખ કરીને તે સૌનો આભાર માન્યો હતો.તેમણે કહ્યું કે બંધારણે જનતાને બંધારણમાં સંશોધન કરવાનો અધિકાર આપ્યો છે.બંધારણ સભાએ બંધારણ અંગે અંતિમ અપરિવર્તનશીલતાની મહોર મારી નથી.એટલું જ નહીં. પણ સંશોધનની સુવિધાજનક જોગવાઇ ભાવી પેઢી માટે રાખી છે.

જો કે બાબા સાહેબના આ વિચારોનો દુરપયોગ કરવા માટે કેટલાક રાજકીય પરિબળોએ પ્રયત્ન શરુ કર્યા.હવે આ પરિબળો લોકતાંત્રિક સંસ્થાઓને જ મટાડવા માંગે છે.ત્યારે પ્રજાએ જાગૃત બનવાની જરુરીયાત છે તેજ સાચી અંજલિ ડો.બાબાસાહેબને આપી ગણાશે.

મણીભાઇ પટેલ (સૌ.સંદેશ)

## ડો.બાબા સાહેબ આંબેડકરે દલિતનો ઉત્કર્ષ માટે જે સપનું જોયું હતું તેની અત્યારે શું દશા છે તેમની દિશા સુધારવા કોઇ પ્રયત્નો થયા કે કેમ !

ભારતમાં દલિતોની આર્થિક અને સામાજિક હાલતમાં સુધારો હિંદુ વિકાસ દર કરતાં પણ અતિશય પછાત જોવા મળે છે.ભારત દેશ આઝાદ થયાને ૭૧ વર્ષ થયાં,પરંતુ દલિતોની દશામાં ઝાઝો ફેર પડ્યો નથી.સરકારો બદલાય છે પરંતુ દલિતોની દશા બદલાતી નથી.નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશનના અહેવાલ અનુસાર ભારતમાં દર મીનીટે દલિત પર અત્યાચારની ઘટના ઘટે છે.દરરોજ સરેરાશ ત્રણ દલિત મહિલા પર બળાત્કાર થાય છે.બે દલિત ભાઇઓની હત્યા થાય છે.અને સરેરાશ બે દલિતોના મકાન પ્રતિદિન સળગાવવામાં આવે છે.સરકારી આંકડા અનુસાર ૩૭ ટકા દલિતો ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે.૫૪ ટકા દલિતોના સંતાનો કુપોષણથી પીડાય છે.દર ૧૦૦૦ જન્મેલા બાળકો પૈકી ૮૩ બાળકો પોતાનો પ્રથમ જન્મદિવસ ઉજવી શકતા નથી.૧૨ ટકા બાળકો પાંચમી વર્ષગાંઠ જોઇ શકતા નથી.આજે પણ દેશમાં ૨૭ ટકા દલિતો પોલીસ સ્ટેશન જતાં ડરે છે.૩૯ ટકા દલિત વિદ્યાર્થીઓને શાળામાં જમવા માટે અલગ વ્યવસ્થા રાખવામાં આવે છે.૨૪ ટકા દલિતોના ઘરના સરનામે ટપાલ જતી નથી.૪૮ ટકા દલિતોને પીવાના પાણી માટે આભડછેટનો સામનો કરવો પડે છે.ભારતીય કાયદા અનુસાર ૧૯૫૫માં જ અસ્પૃશ્યતા નિવારણની સત્તાવાર જાહેરાત થઇ હતી પરંતુ એનું સત્તાવાર અમલીકરણ આજદિન સુધી થયું નથી.ઉપરોક્ત આંકડાઓ નરી વાસ્તવિકતા છે અને સાથોસાથ વિરોધાભાસ છે કે આ દેશની વસ્તી ૨૫ ટકા એટલે કે ૩૦ કરોડ લોકો દલિત છે.લોકસભામાં ૫૪૫માંથી ૮૪ સીટો દલિતો માટે અનામત છે.છતાં કહેવાતા વિકાસના મોડલમાં દલિતો વંચિત છે.જો દલિત વોટબેંક દલિત પાવરમાં પરિવર્તીત થાય તોકોઇપણ સત્તાધારી પક્ષના હાંજા ગગડી જાય તેમ છે.

માત્ર આંબેડકરની જયંતિ નિમિત્તે સહુ રાજકીય નેતાઓ શુરાતન દાખવે છે.પરંતુ દલિતોની અસરકારકતા વધે તેમાં તેમને રસ નથી. માત્ર વોટબેંક તેમના તરફેણમાં રહે તે જ તેમની મનશા હોય છે.મહાત્મા ગાંધી અને બાબા સાહેબ આંબેડકરનું સપનું હતું કે સમાજના વંચિતોનો વિકાસ થાય અને તેઓ સમાજની મુખ્યધારામાં સમાઇ જાય. પ્રશ્ન એ થાય છે કે ૭૧ વર્ષના વહાણા વહી ગયા પછી પરિસ્થિતિ શું છે ?

સુપ્રીમ કોર્ટે એક માર્ગદર્શિકા ઘડી અને તેના પ્રત્યાઘાતો પડ્યા.એવી ગેરસમજ ઉભી થઇ કે દલિતોની તરફેણનો કાયદો ખતમ કરી દેવાયો છે. પરિણામે દલિત આંદોલન થયું અને દેશભરમાં તેના પડઘા પડ્યા.દલિતોને સતત એવી અનુભિતિ થઇ રહી છે કે તેમને અન્યાય થઇ રહ્યો છે.દલિતોને લાગે છે કે સવર્ણો તેમના હક્કો ઝુંટવવા માટે પ્રતિબધ્ધ બન્યા છે.અને આવનારા દિવસોમાં તેમને તેમના હક્કોથી વંચિત કરી દેવાશે.દલિતો સામે ૨૦૧૬માં ૪૭૩૩૮ અત્યાચારના કેસો નોધાયા હતા પરંતુ માત્ર ૯ ટકા લોકોનેજ સજા થઇ.તેથી ન્યાયતંત્ર તેમની સાથે નથી તેવી પણ ગેરસમજ વર્તાઇ.પરિણામે ૧૫ જેટલા દલિતોના મોત નિપજ્યા. ચુંટણીઓ લોકોને જુદા પાડે છે.મત મેળવવા માટે લોકો પ્રપંચ રચે છે.

(સૌ.ન.ગુસ. આધારતિ માહીતી)

## રોસ્ટર માસ્ટરની ચીફ જસ્ટીસની સત્તાને પીઆઇએલ દ્વારા પડકાર અપાયો

ભુતપુર્વ કાયદા મંત્રી અને સીનીયર વકીલ શાંતિ ભુષણે સુપ્રીમ કોર્ટમાં એક પીઆઇએલ કરીને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસની વહીવટી સત્તા અંગે સ્પષ્ટતા માંગી છે.તેમણે રોસ્ટર માસ્ટર તરીકેની ચીફ જસ્ટીસની સત્તાને પડકારી છે.રોસ્ટર માસ્ટરની ભુમિકા અંતર્ગત ચીફ જસ્ટીસ જે તે કેસ બેન્ચના ક્યા જસ્ટીસને સોંપવા તે નક્કી કરે છે. શાંતિ ભુષણે તેમના વકીલ પુત્ર પ્રશાંત ભુષણ મારફતે આ પીઆઇએલ કરી છે. પ્રશાંત ભુષણે સુપ્રીમ કોર્ટના સેક્ટરી જનરલને એક પત્ર પણ લખ્યો છે. જેમાં કહ્યુ છે કે ચીફ જસ્ટીસ જે બેન્ચમાં હોય તે બેન્ચ સમક્ષ આ પીઆઇએલ ન સોંપવી.પ્રશાંતે લખ્યું છે કે સુપ્રીમ કોર્ટના ત્રણ સૌથી સીનીયર જજ આ પીઆઇએલની સુનાવણી કરશે તો યોગ્ય ગણાશે.પીઆઇએલમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રાનું નામ એક પ્રતિવાદી તરીક છે. ભુષણની દલીલ છે કે માસ્ટર ઓફ રોસ્ટર એ કોઇ માર્ગદર્શિકા વગરની વિવેકશક્તિ આધારીત સત્તા ન હોઇ શકે.

## ચાર વર્ષે રીક્ષાના મીનીમમ ભાડામાં રુ.3નો વધારો કરવામાં આવ્યો

રીક્ષામાં મુસાફરી કરનારાઓએ હવે મીનીમમ ભાડુ રુ.૩ વધુ ચુકવવું પડશે.રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા રિક્ષાના ભાડામાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.અગાઉ રીક્ષાનુ મીનીમમ ભાડું રુ.૧૨ હતું. તેમાં રુ.૩નો વધારો થતાં તે રુ.૧૫ મીનીમમ થયું છે.ઉપરાત ત્યાર પછીના પ્રતિ કી.મી.ના દીઠ રુ.૮ હતા તેમાં પણ વધારો કરીને રુ.૧૦ કરવામાં આવ્યા છે.હવે રીક્ષાના ભાડામાં વધારો થતાં અમદાવાદના મુસાફરોને વધારોનો બોજો સહન કરવો પડશે.રીક્ષાના ભાડા ૨૦૧૪માં બદલાયા હતા.ત્યાર બાદ ચાર વર્ષે ફરી તેમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદમાં ૧.૮૧ લાખ જેટલા રીક્ષા ચાલકો નોધાયેલા છે. જેમને આ ભાડા વધારાનો લાભ મળશે.સીએનજીના ભાવો વધતાં રીક્ષા ચાલકોની મુંઝવણ વધી હતી પરંતુ સરકારમાં તેમની રજુઆતો ફળી નહોતી. આખરે તેમની રજુઆતોની અસર થઇ અને સરકારે ભાડા વધારાને મંજુરી આપી છે.એપ્રીલ ૨૦૧૮થી આ ભાવ વધારાનો અમલ થશે.

## વિશ્વ હિંદુ પરિષદના અધ્યક્ષ પદેથી પ્રવિણ તોગડીયા ને ખસેડાશે

વિશ્વ હિંદુ પરિષદના કાર્યકારી અધ્યક્ષ પ્રવિણ તોગડીયા અને અધ્યક્ષ રાઘવ રેડ્ડીને ટુંક સમયમાં તેમના પદ પરથી હટાવી દેવાશે.સંઘે વીએચપીને આદેશ કર્યો છે કે સંગઠનના નિયમ પ્રમાણે ચુંટણી કરવામાં આવે.વિશ્વ હિંદુ પરિષદની કાર્યકારી બેઠકમાં સંઘના કેટલાક મોટા અધીકારીઓ હાજર રહેશે.પ્રવિણ તોગડીયા અને રેડ્ડી હોદા પર ચાલુ રહે તેવી સંઘની ઇચ્છા નથી.સંઘના ઉચ્ચ અધિકારીઓ પાસે એવી જાણકારી છે કેપ્રવીણ તોગડીયાએ ગુજરાતમાં ભાજપ વિરુધ્ધ કેટલાક કામ કર્યા છે.ગુજરાતમાં પાટીદાર નેતા અને ચુંટણીમાં કોગ્રેસનું સમર્થન કરનારા હાર્દિક પટેલ સાથે તેઓ સંપર્કમાં હતા.ચુંટણી થશે અને તેમાં તેમને દુર કરાય તેવી સંભાવનાઓ છે.તોગડીયા વડાપ્રધાન મોદી વિરુધ્ધ બોલી ચુક્યા છે.વડાપ્રધાન તેમનું એન્કાઉન્ટર કરાવવા માંગે છે તેવા સમાચારો પ્રસિધ્ધ થયા હતા.જેથી ભાજપના નેતાઓ તેમનાથી ગુસ્સામાં છે.

## સુપ્રીમ કોર્ટને સરકારી અધિકારીઓ મુર્ખ બનાવી રહ્યા હોવાનો અહેસાસ થયો

સુપ્રીમ કોર્ટે એક ચુકાદા વખતે કહ્યુ હતું કે સરકારના અધિકારીઓ અમને મુર્ખ બનાવી રહ્યા છે.સુપ્રીમ કોર્ટે આટલી હતાશા એટલા માટે થઇ કારણકે તેના ધ્યાનમાં આવ્યું કે પર્યાવરણની સુરક્ષા અને લોકોના લાભ માટે ફાળવાયેલું એક લાખ કરોડ રુપીયાનું ફંડ અન્યત્ર ઉપયોગમાં ફાળવી દેવાયું હતું. પર્યાવરણવિદ એમ.સી.મહેતાએ ૧૯૮૫માં પીઆઇએલ કરી હતી જેના પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરી હતી. સરકારની આકરી ટીકા કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે તેણે સરકાર પર વિશ્વાસ મુક્યો હતો.પરંતુ અધિકારીઓ કામ જ કરતાં નથી.કોર્ટે જ્યારે કંઇ કહે તો તેને ન્યાયતંત્રની વધુ પડતી સક્રિયતા કહેવામાં આવે છે.સુપ્રીમ કોર્ટના આદેશથી પર્યાવરણ સુરક્ષા માટે રચાયેલા વિવિધ ફંડ હેઠળ એકત્ર કરાયેલી આ જંગી રકમ અન્ય હેતુ માટે અને લોકોના લાભ માટે વાપરવાની હતી.કોર્ટે કહ્યુ કે હવે અમારે તેમને પકડવા પડશે.અમે કોઇ નાની સુની રકમની વાત નથી કરી રહ્યા.આ ખુબજ હતાશાજનક છે.

સુપ્રીમ કોર્ટને બહુ સમય બાદ આ વાતની જાણ થઇ પરંતુ અધિકારીઓ આઝાદી પછી દેશની જનતાને મુર્ખ બનાવી રહ્યા છે.તેમને માટે બનાવાયેલી યોજનાઓ ક્યારે યોગ્ય રીતે લોકો સુધી પહોચતી જ નથી.

# પુરૂષ યુગલોના લગ્ન જીવનમાં કોઇ હસ્તક્ષેપ ના કરીશકે : સુપ્રીમ કોર્ટ



પ્રેમસબંધના કારણે જીવન પરની ધમકીનો સામનો કરી રહેલા આંતરજાતીય અને આંતરધર્મી લગ્ન કરનાર યુગલોને મોટી રાહત આપતાં સુપ્રીમ કોર્ટે ખાપ પંચાયતો જેવા ગેરકાયદેસર સંગઠનોના હસ્તક્ષેપ ઉપર પ્રતિબંધ ફરમાવી દીધો છે.સુપ્રીમ કોર્ટે ખાપ પંચાયતોને સંપુર્ણ ગેરકાયદેસર ઠેરવી છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા, જસ્ટીસ એ.એમ. ખાનવિલકર, જસ્ટીસ ડીય.વાય ચંદ્રચુડની બેન્ચે આંતરધર્મ અને આંતરજાતીય લગ્ન કરનાર યુગલોના જીવનમાં હસ્તક્ષેપ અટકાવવા માર્ગદર્શિકા પણ જારી કરી છે.બેન્ચે જણાવ્યુ હતું કે સંસદ દ્વારા યોગ્ય કાયદો ઘડી કાઢવામાં ન આવે ત્યાં સુધી અદાલત દ્વારા ઘડી કાઢવામાં આવેલા નિયમો અમલી રહેશે.

આંતરધર્મી કે આંતરજાતીય લગ્ન કરનાર યુગલોને ઓનર કીલીંગ સામે સંરક્ષણ આપવાની માંગ સાથે ૨૦૧૦માં એનજીઓ શક્તિવાહીની એ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી.માર્ચ મહિનામાં સુનાવણી પુરી થયા પછી કેસમાં ચુકાદો અનામત રાખતી વખતે સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે જયારે બે પુરૂષ વ્યક્તિ,તેમની પશ્ચાદભુની પરવા કર્યા વિના સંમતિથી લગ્ન કરે છે ત્યારે કોઈ સગું કે ત્રીજી વ્યકિત તેમના લગ્ન જીવનમાં દખલ કરી શકે નહીં.ધમકી આપી શકે નહીં કે તેમની વિરુધ્ધ હિંસા આચરી શકે નહીં.

કેસની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે પણ અદાલતને જણાવ્યુ હતું કે રાજ્ય સરકારોએ આંતરધર્મી કે આંતરજાતીય લગ્નને કારણે પોતાના જીવનમાં ભય અનુભવનાર યુગલોને મેરેજ ઓફીસરોને જો તેમની ધમકી અપાઇ હોય તો જાણ કરવી જોઈએ જેથી તેમને સંરક્ષણ આપી શકાય.

સુપ્રીમ કોર્ટે ખાપ પંચાયતોને માન્યતા આપવાનો ઈન્કાર કરતાં જણાવ્યુ હતું કે એમ તેમને વ્યક્તિઓના જુથ અથવા તો એક સામુદાયિક સંગઠન તરીકે જ જોઈએ છે.

# લોકસભા અને રાજ્યસભામાં કાવેરી મામલે તામિલનાડુના સાંસદોએ કામગીરી ઠપ્પ કરાવી

લોકસભા અને રાજ્યસભામાં તામિલનાડુના સાંસદોના સતત ૧૮મા દિવસે વિરોધને કારણે કામગીરી ઠપ રહી હતી.તામિલનાડુના સાંસદોએ કાવેરી જળ અંગેના ચુકાદાનો વિરોધ કરતાં ગૃહમાં તોફાન સર્જાયું હતું.જેના પગલે કામગીરી બંધ રખાઈ હતી.રાજ્યસભામાં માત્ર છ મીનીટની કામગીરી થઈ હતી.જ્યારે લોકસભામાં માત્ર ચાર મીનીટની કાર્યવાહી બાદ ગૃહ આટોપી લેવાયું હતું.

લોકસભાની કાર્યવાહી સમગ્ર દિવસ માટે મુલવતી રાખતાં પહેલા સ્પીકર સુમિત્રા મહાજને કહ્યુ હતું કે તેઓ સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટીસ ગૃહમાં લાવી શકે તેમ નથી કેમકે વિરોધ પક્ષોના સભ્યો સતત હોબાળો મચાવી રહ્યા છે અને કામગીરી થઈ શકે તેમ નથી.

રાજ્યસભામાં પણ તામિલનાડુના સાંસદોએ વેલમાં ઘસી જઈને સુત્રોચ્ચાર કરતાં તેના પગલે ગૃહની કાર્યવાહી ખોરવાઈ હતી.કોગ્રેસ,તુણમુલ કોગ્રેસ,બસપા,ટીડીપી, તેમજ ડીએમકે અને એઆઈએડીએમકેના સાંસદો ચેરમેન વૈક્યા નાયડુની સામે વેલમાં ધસી ગયા હતા.અને સુત્રોચ્ચાર કર્યો હતો.કોગ્રેસ અને બસપાના સાંસદોએ સરકાર સામે દલિતો વિરોધો હોવાનો આક્ષેપ કર્યો હતો..જ્યારે તુણમુલ કોગ્રેસના સાંસદોએ દેશના સૌથી મોટા બેન્ક ફ્રોડ અંગે સરકારને ઘેરી હતી.તામીલ પાર્ટીઓએ કાવેરી વોટર મેનેજમેન્ટ બોર્ડના કર્ણાટક અને તામિલનાડુ સાથેના પાણીના વહેચણીના ચુકાદા મામલે વિરોધ નોધાવ્યો હતો.

કાવેરી જળ વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે.સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે કાવેરી મેનેજમેન્ટ બોર્ડ રચવામાં કેન્દ્રની નીષ્ફળતા બદલ કોઈમ્બતુરમાં પ્રદર્શન કરતી વેળાએ ડીએમકેના બે નેતાઓએ આત્મદાહનો પ્રયાસ કર્યો હતો.તામિલનાડુંમાં અનેક ભાગોમાં આંદોલન જલદ બની રહ્યું છે.અને વિપક્ષોએ રાજ્ય બંધનું એલાન આપ્યુ છે.

# જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ રદ કરવાની કોઇ દરખાસ્ત નથી ભાજપે સ્વીકાર્યું

ભારતીય જનતા પક્ષે તેમના ચુંટણી ઢંઢેરામાં જમ્મુ કાશ્મીરને અલગ દરજ્જો આપતી કલમ ૩૭૦ને રદ કરવાનું વચન આપીને પ્રજા પાસેથી મત મેળવ્યા હતા હવે ભાજપે લોકસભામાં આ બાબતે પીછેહઠ કરી છે.કેન્દ્રીય મંત્રી ગંગારામ આહિરે લોકસભામાં સ્પષ્ટ કર્યુ છે કે હાલમાં આ આર્ટીકલ રદ કરવાની કોઈ દસખાસ્ત નથી.સરકાર બંધારણની કલમ ૩૭૦ને રદ કરવા માટે પ્રતિબધ્ધ છે કે કેમ તેવા ભાજપ સાંસદ અશ્વિનીકુમારના સવાલના જવાબમાં આહિરે આ નિવેદન આપ્યું હતું.અશ્વિનીકુમારે હાલની સ્થિતિ અને કલમ ૩૭૦માં નિયત પ્રક્રિયા અંગે પણ સવાલ કર્યો હતો.પરંતુ આહિરે એક જ લીટીના સવાલમાં કહ્યુ હતું કે હાલમાં સરકારના વિચારણા હેઠળ આવી કોઈ દરખાસ્ત નથી.

હાલમાં ભાજપ રાજ્યમાં પ્રાદેશિક પક્ષ પીડીપી સાથે સત્તામાં છે.જમ્મુ-કાશ્મીરમાં હિંસા અંગેની તપાસ માટે ાવેલા કેન્દ્રના મધ્યસ્થી દિનેશ્વર શર્માએ કરેલા નિવેદન અંગેના એક અલગ સવાલના જવાબમાં આહિરે કહ્યુ હતું કે તાજેતરમાં યુધ્ધ વિરામ ભંગની ઘટનાઓના સંદર્ભમાં શર્માએ સરહદી વિસ્તારોની મુલાકાત લીધી હતી. અને કેટલાક પગલાં સુચવ્યા હતા.આહિરે ઉમેર્યું હતું કે સરકાર રાજ્યમાં શાંતિ લાવવા આતુર છે.અને સમાજના તમામ વર્ગો સાથે ચર્ચા કરવા માટે તૈયાર છે.

આહિરે કહ્યુ હતું કે સરકાર યુવાઓને રાજ્યની મુખ્યધારામાં લાવવાની નીતીઓને પ્રોત્સાહન આપી રહી છે.આમાં યુવાઓને આતંકથી દુર રાખવા માટે તેમને રોજગારના અવસરો ઉપલબ્ધ કરવાનું પણ સામેલ છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪





## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.